સાબરકાંઠા, અરવલ્લીમાં એન્ટિજન ટેસ્ટ કિટનો દુકાળ

આરોગ્ય કેન્દ્રોમાં ટોકન સીસ્ટમ અમલી : સવારના આઠથી ટેસ્ટ માટે નામ નોંધાવવા લાગતી લાઈનો, સ્થિતિ વધુ વિકટ બનવાની પ્રજામાં આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

એક સમય એવો હતો કે એન્ટિજન(રેપિડ) ટેસ્ટ માટે પ્રજામાં ડર હતો જેથી જોર પરાણે ટેસ્ટ કરાવતી હતી. હવે સ્થિતિ એવી છે કે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાએ મોતનું તાંડવ રચ્યા પછી પ્રજા સ્વયંભૂ સરકારી દવાખાના, હોસ્પિટલોમાં એન્ટિજન ટેસ્ટ કરવા માટે જઈ રહી છે. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી જિલ્લામાં એન્ટિજન ટેસ્ટ કિટનો દુકાળ જેવી સ્થિતિ છે. રેફરલ હોસ્પિટલ, સામૂહીક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ૧૦૦, ૫૦ અને ૨૫ કિટ ફાળવવામાં આવે છે જેથી અસંખ્ય લોકો ટેસ્ટ કરાવ્યા વગર પાછા ફરી રહ્યા છે. ટેસ્ટ માટે નામ નોંધાવવા સરકારી દવાખાનામાં લાઈનો લાગી રહી છે. પ્રજામાં ફડક પેસી છે કે ટેસ્ટ કરાવવો જ પડશે નહીંતર સ્થિતિ વધુ વિકટ બનશે.

કોરોનાની બીજી લહેર આટલી હદે માનવભક્ષી હશે તેની કલ્પના વૈજ્ઞાનિકો અને આરોગ્ય વિભાગે વિચાર્યું પણ નહીં હોય. સરકારી કોવિડ હોસ્પિટલ અને ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલ કરતાં અન્ય હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થયો છે અને હવે તો હોમ ક્વોરન્ટાઈન થયેલા દર્દીઓને અનેક તબીબોએ આઉટડોર ટ્રીટમેન્ટ આપવાની શરૂઆત કરી છે. જેથી સરકારી દફતર ઉપર કોરોના સંક્રમિત દર્દીઓના સાચા આંકડા જાહેર થવા મુશ્કેલ છે પરંતુ સરકારી કોવિડ હોસ્પિટલમાંથી જે મૃતદેહો બહાર આવી રહ્યા છે તેનો આંકડો ચોંકાવનારો છે. આરોગ્ય વિભાગે તેના ઉપર પણ ઢાંકપીછોડ શરૂ કરી પરંતુ મૃતદેહને ક્યાંય સંતાડી શકાય નહીં છેવટે સ્મશાન ગૃહમાં તો લાવવા પડે. મોડાસા, હિંમતનગર, તલોદ, વાત્રક, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, માલપુર, મેઘજરના સ્મશાન ગૃહોના આંકડા ચોંકાવનારા નહીં પરંતુ સૌને ડરાવી દે તેવા છે. સ્મશાન ગૃહોમાં લાકડાં ખૂટી પડે તે હદે મૃતદેહના ઢગલા ખડકાઈ રહ્યા છે. આ તમામ સ્થિતિથી ગંભીર બનેલી પ્રજાએ હવે રેપિડ ટેસ્ટ માટે લાઈનો લગાવવાની શરૂઆત કરી છે.

પ્રજા જાગ્રત થઈ ત્યારે આયોજનમાં ખાટલે ખોડ હોય તેમ એન્ટિજન ટેસ્ટની કિટની અછત સામે આવી છે. જાણવા મળ્યા મુજબ જિલ્લાના અનેક સામૂહીક આરોગ્ય કેન્દ્ર અને રેફરલ હોસ્પિટલમાં રેપિડ ટેસ્ટ કરાવવા ઈચ્છતા પ્રજાજનો સવારથી જ કતારમાં ગોઠવાઈ જાય છે અને માંડ ૨૫ કે ૫૦ કીટ આવે એટલે તે પછીના લોકોને ટેસ્ટ કરાવ્યા વગર જ નિરાશ થઈને પાછા ફરવાની નોબત આવી છે.

બાયડમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે મફત ટીફીન સેવા શરૂ

બાયડ તાલુકો કોરોના હોટસ્પોટ બન્યો છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો કોરોના દર્દીઓથી ઉભરાઈ રહી છે ત્યારે જયઅંબે મંદી મહિલા સમાજ સેવા ટ્રસ્ટ-બાયડ દ્વારા કોરોના પોઝિટિવ દર્દીઓ, જેમને જરૂર હોય તેવા પરિવાર માટે સવારે તથા સાંજે ટીફીન સેવા શરૂ કરવામાં આવી છે અને આ માટે હેલ્પલાઈન નંબર-૯૪૨૮૪૮૩૨૮૭, ૯૬૩૮૬૪૧૭૪૨ ઉપર સંપર્ક કરી ટીફીન માટે માહિતી લખાવવા જણાવ્યું છે. જ્યારે રાષ્ટ્રીય સ્વયં સેવક પ્રેરીત પણ બાયડની હોસ્પિટલમાં દાખલ કોરોના દર્દીઓ માટે નિઃશુલ્ક મફત ટીફીન સેવા શરૂ કરવામાં આવી છે. દર્દી સાથેના સગા માટે ટીફીન રૂા.૨૦ માં મળશે. સવારના ભોજન માટે સવારે ૯-૦૦ વાગ્યા સુધી અને સાંજના ભોજન માટે ૪-૦૦ વાગ્યા સુધી ભરતભાઈ પટેલ (મો.૯૬૨૪૮ ૫૦૧૦૭), વર્શિલ પટેલ (મો.૯૪૦૮૫ ૯૧૭૦૫) ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

પુંસરીમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ, મહિલાનું મોત, પુત્રને કોરોનાનાં શંકાસ્પદ લક્ષણ

ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવાનો નન્નો, પુંસરી આરોગ્ય કેન્દ્રમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવા માંગ

તલોદ, તા.૨૫

તલોદ તાલુકાના પુંસરીમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. કોરોનાથી સંક્રમિત થયેલા કૈલાસબેન ગીરીશભાઈ પંડ્યાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પરંતુ સારવાર આપવાનો નન્નો ભણાયો અને ત્યારબાદ હિંમતનગર સિવિલમાં ખસેડવાની તજવીજ ચાલી રહી હતી ત્યારે એકાએક તબિયત વધુ નાજૂક થયા પછી મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પુત્ર સંજય પંડ્યાને પણ કોરોનાના શંકાસ્પદ લક્ષણો હોવાનું જાણવા મળ્યું છે. પુંસરી તથા આસપાસના વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. સરકારી કોવિડ હોસ્પિટલોમાં બેડ ખાલી નથી આ સંજોગોમાં પુંસરી આરોગ્ય કેન્દ્રમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવાની માંગ થઈ છે.

કોરોનાની બીજી લહેરે અનેક ગામડાઓને હચમચાવી નાખ્યા છે. તાજેતરમાં જ પુંસરી ગામના કોરોનાગ્રસ્ત યુવાનનું મોડાસાની સરકારી કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યાની કાળી શાહી સૂકાઈ નથી ત્યાં કાળમૂખો કોરોના ગામની એક મહિલાને ભરખી ગયો છે. ટૂંકાગાળામાં જ કોરોનાના કારણે બે નાં મોતથી પ્રજામાં દહેશતનો માહોલ ઉભો થયો છે. ગામમાં કોરોના સંક્રમિત કેસમાં ઉછાળો આવ્યાની આશંકા છે. જ્યારે પુંસરી તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસમાં દિવસે..દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે કોરોના સંક્રમિત દર્દીઓને જિલ્લાની વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી પુંસરી ગામમાં જ કોરોનાની સારવાર મળે તેવી વ્યવસ્થા ઉભી થાય તેવી કેટલાક લોકોએ માંગ કરી છે. સુવિધાયુક્ત પુંસરી ગામના આરોગ્ય કેન્દ્રમાં તાબડતોબ કોવિડ કેર સેન્ટર શરૂ થાય તો કોરોનાગ્રસ્ત દર્દીઓને અને તેમના સગાઓને મોટી રાહત થઈ શકે છે.

ઉત્તર ગુજરાતમાં કોરોનાથી ૭૫૦૦ લોકો સંક્રમિત, મોતનું તાંડવ ૧૭ મોત

સ્મશાન ગૃહોનાં બિહામણાં દ્રશ્યો, એક ચિતા ઠરે ત્યાં બીજી ગોઠવાય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

ઉત્તર ગુજરાતમાં કોરોના કેસમાં ભયજનક ઉછાળો થયો છે. એક દિવસમાં કોરોનાથી ૭૪૯૪ લોકો સંક્રમિત થયા છે. ૧૭ જણના મોત નિપજ્યા છે. એક પછી એક ઉત્તર ગુજરાતના અનેક શહેરી વિસ્તારના સ્મશાન ગૃહોના બિહામણાં દ્રશ્યો સામે આવી રહ્યા છે. એક ચિતા ઠરે ત્યાં બીજી ગોઠવાય છે. ક્યાક તો મૃતદેહને વેઈટીંગમાં મૂકવાની ફરજ પડી છે. આગામી સપ્તાહ જિલ્લાની પ્રજા અને તંત્ર માટે વધુ પડકારજનક બની શકે છે.

આરોગ્ય વિભાગ દ્વારા મૃત્યુના આંકડા છૂપાવાય છે. બિનસત્તાવાર રીતે ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન ૬૫ થી વધુ લોકોના મોત નિપજ્યા છે પરંતુ સરકારી દફતર ઉપર મૃત્યુના આંકડા અદ્રશ્ય કરવાનો ઘૃણાસ્પદ ખેલ ચાલી રહ્યો છે. હિંમતનગર સરકારી કોવિડ હોસ્પિટલ ડેથ હોસ્પિટલ બની ગઈ છે. જે રીતે મૃતદેહો બહાર જઈ રહ્યા છે તે જોતાં સ્થિતિ વધુ વણસ્યાના અહેવાલ છે પરંતુ તંત્ર દ્વારા ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લામાં માત્ર ૬ લોકોના કોરોનાથી મોત નિપજ્યાનું જાહેર થયું છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં સ્થિતિ સુધરવાના બદલે વધુ બગડી રહી છે. ઓક્સિજન અને રેમડેસિવિરની અછતના કારણે અનેક દર્દીઓ દમ તોડી રહ્યા છે. પૈસા હોવા છતાં પરિવારજનો લાચાર બનેલા દ્રશ્યો પણ સૌને હચમચાવી રહ્યા છે. કોરોનાએ મોતના ખેલમાં વહીવટી તંત્રને અસહાય સ્થિતિમાં લાવી દીધું છે. ડેજીગ્નેટેડ ખાનગી કોવિડ હોસ્પિટલને રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ન મળતાં અનેક ડૉક્ટરોએ કોરોનાના દર્દીઓને સારવાર આપવાનું બંધ કર્યું છે તે જોતાં આગામી દિવસો તંત્ર અને આરોગ્ય વિભાગ માટે વધુ પડકાર જનક સાબિત થઈ શકે છે. ઉત્તર ગુજરાતમાં કોરોનાના ૬૦૦ થી વધુ દર્દીઓ ગંભીર હોવાના પણ અહેવાલ છે. કોરોના દરરોજ નવો રેકોર્ડ સ્થાપિત કરી રહ્યો છે. ખાસ કરીને વાત્રક, હિંમતનગર અને મોડાસાની સરકારી કોવિડ હોસ્પિટલની શું સ્થિતિ છે..?? કેટલા દર્દીઓની હાલત ગંભીર છે..?? કેટલા દર્દીઓની હાલત સામાન્ય છે તેનું બુલેટીન દર બે કલાકે બહાર પાડવામાં આવે તો પોતાના સ્વજનને હોસ્પિટલમાં કેવી સ્થિતિ છે તેની જાણકારી બહાર બેઠેલા સબંધીઓને મળી શકે. વાત્રકની કોવિડ હોસ્પિટલમાં ડૉક્ટર ઉપર થયેલો હુમલો નિંદનીય છે પરંતુ સરકારી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનની અછત હોય તેમાં તંત્રનો દોષ હોય છે. ડૉક્ટરો અને સ્ટાફ શું કરે તે પણ હવે દર્દીઓના સગાઓએ સમજવું પડશે. વાત્રકમાં હુમલાની ઘટના પછી પણ તંત્રમાં કોઈ સુધારો આવ્યો નથી ઉલ્ટાની દરેક સેવાઓને વિપરીત અસર થઈ રહી છે.

પાછલા ૨૪ કલાકમાં મોત-સંક્રમિત કેસ..

જિલ્લો	સંક્રમિત કેસ	મોત
મહેસાણા	૩૭૦૨	૦૪
પાટણ	૧૩૪૭	૦૨
સાબરકાંઠા	૯૨૦	૦૬
અરવલ્લી	૪૯૯	૦૨
બનાસકાંઠા	૧૦૨૬	૦૩

૧૫ દિવસ પછી પણ રેમડેસિવિરની અછત..

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું તંત્ર ૧૫ દિવસ પછી પણ રેમડેસિવિર ઈન્જેક્શનની ફાળવણીમાં તમામ મોરચે નિષ્ફળ ગયું છે. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ માત્ર વાતોમાંથી ઉંચુ આવતું નથી અને ઈન્જેક્શનની અછતથી એક પછી એક દર્દીઓ દમ તોડી રહ્યા છે. અત્યાર સુધી તંત્રને ફાળવવામાં આવેલા રેમડેસિવિર ઈન્જેક્શન કોને આપવામાં આવ્યા અત્યારની સ્થિતિ શું છે..?? તેની વિગતો પણ જાહેર થતી નથી તે જોતાં તંત્રએ કેટલાક ખાનગી ડૉક્ટરોને અગાઉ મોટાપાયે રેમડેસિવિર ઈન્જેક્શનની લ્હાણી કર્યાની લોકચર્ચા છેડાઈ છે.

વિજયનગરની ભગોરાપાડા શાળાના શિક્ષકની કરપીણ હત્યા, સન્નાટો

ભિલોડાના શીલાદ્રી ગામ નજીકના જંગલમાંથી મૃતદેહ મળ્યો, ભિલોડા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

વિજયનગર તાલુકાની ભગોરાપાડા શાળાના શિક્ષક હસમુખ શંકરભાઈ લીંબાત (ઉ.૫૦ વર્ષ) (રહે.ઈટાવડી, તા.વિજયનગર)નો ભિલોડા તાલુકાના શીલાદ્રી ગામ નજીકના જંગલમાંથી કરપીણ હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતાં શિક્ષક આલમમાં સન્નાટો મચ્યો છે. શિક્ષકની હત્યા કોને કરી, શા માટે કરી..?? તેવા અનેક સવાલોએ ભિલોડા પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અજાણ્યા હત્યારા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વિજયનગર-ભિલોડા પોલીસ સ્ટેશનની હદમાં હત્યાના બનાવો સામાન્ય બની ગયા છે પરંતુ મોટાભાગે અજાતશત્રુ ગણાતા શિક્ષકની હત્યા થાય ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર સ્વાભાવિક આંગળી ચિંધાતી હોય છે. વિજયનગરના ઈટાવડી ગામના અને ભગોરાપાડા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ લીંબાત

તા.૨૨ એપ્રિલે બપોર બાદ અદ્રશ્ય થઈ ગયા. પરિવારજનો ચિંતિત બન્યા અને બે દિવસ પછી તેમનો મૃતદેહ શીલાદ્રી નજીકના કાળાડેરા જંગલ વિસ્તારમાંથી મળી આવ્યો. મૃતદેહને જોતાં જ ખબર પડી જાય કે કોઈએ ઠંડાકલેજે હત્યા કરી છે. મોતને ઘાટ ઉતારાયેલા શિક્ષકના ગળા, માથા અને ગુપ્ત ભાગે ગંભીર ઈજાઓ હોવાનું જોવા મળ્યું હતું. બનાવ સ્થળે પહોંચેલી ભિલોડા પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી હત્યાનો ગુનો નોંધ્યો છે.

પ્રજાના શ્વાસ અદ્ધર : સાબરકાંઠા, અરવલ્લીમાં દરરોજ ૩૫ બાળકો કોરોનાથી સંક્રમિત

બાળકોમાં કોરોનાનું સંક્રમણ વધતાં સરકારી કોવિડ હોસ્પિટલમાં અલાયદા બેડની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

કોરોનાની બીજી લહેરમાં દિવસે..દિવસે ચિંતા વધી છે. સિનિયર સિટીઝન તેમજ ડાયાબીટીશ હાઈપર ટેન્શનના દર્દીઓ કોરોનાથી વધુ ચેપગ્રસ્ત થયા પછી મોતને ભેટી રહ્યા હતા પરંતુ પ્રજાના શ્વાસ અદ્ધર થઈ જાય તેવી વિગતો સામે આવી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં દરરોજ ૩૫ થી વધુ બાળકો કોરોનાથી સંક્રમિત થતા હોવાની વિગતો છે. બાળરોગ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર પ્રથમવાર બાળકો સૌથી વધુ સંક્રમિત હોવાનું જોવા મળ્યું છે જેમાં બાળકોના માતા-પિતા કે ઘરના કોઈ વડીલ કોરોનાથી સંક્રમિત થયા હોય તેવા કિસ્સામાં આવું જોવા મળ્યું છે પરંતુ સંક્રમણમાં વધારો થયો છે જે ચિંતાજનક છે. જિલ્લામાં સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ ખાલી નથી..ના જવાબ મળે છે આવા સંજોગોમાં સંક્રમિત બાળકોને યોગ્ય સારવાર મળે તે માટે અલાયદા બેડની માંગ સામે આવી છે.

જો તમારે નાનું સંતાન છે અને તેને ઝાડા થઈ જાય, ફીડીંગ(ધાવણ) ન કરે તો જરૂર ચિંતા કરજો. માત્ર તાવ, શરદી, ઉધરસના લક્ષણો હોય તો જ કોરોનાથી સંક્રમિત હોય છે તેવું નથી. પરંતુ કોરોનામાં હવે અન્ય લક્ષણો પણ સામે આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમિત દર્દીઓના આંકડા જાહેર થાય છે પરંતુ અરવલ્લી જિલ્લામાં કોરોના સંક્રમિત બાળકો કેટલા..?? તેની વિગતો આપવાનું ટાળી દેવાય છે. છેલ્લા ૧૨ મહિનાથી આરોગ્ય તંત્ર ઉપર કોરોનાગ્રસ્ત દર્દી અને મોતના આંકડા છૂપાવ્યાના ગંભીર આરોપ લાગેલા છે. પરંતુ ગમે તે રીતે કોરોનાગ્રસ્ત દર્દીઓના મોતના આંકડા સામે આવતાં પ્રજામાં કોરોનાએ દહેશતનો માહોલ ઉભો કરી દીધો છે.

કોરોનાની બીજી લહેર શરૂ થયાના ૨૦ દિવસમાં જ જિલ્લામાં હજારો લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. ૧૨૦ થી વધુ લોકોના મોત નિપજ્યા હોવા છતાં આરોગ્ય વિભાગના દફતરે માંડ ૨૦-૨૫ મોત દર્શાવ્યા છે. પરંતુ હવે ખિલખિલાટ કરતા બાળકો કોરોનાથી વધુ પ્રમાણમાં સંક્રમિત થતા હોવાના અહેવાલ છે. આરોગ્ય તંત્ર તો આ મુદ્દે કહેવા તૈયાર નથી પરંતુ ગાંધીનગર સમાચાર દ્વારા કેટલાક બાળરોગ નિષ્ણાત ડૉક્ટરોનો સંપર્ક કર્યો તો જાણવા મળ્યું કે કોરોના સંક્રમિત બાળકોની સંખ્યામાં પાછલા સપ્તાહમાં ઉછાળો આવ્યો છે. કોઈપણ માતા-પિતાએ બાળકમાં જો કોરોનાનાં સામાન્ય લક્ષણ જણાય તો પણ તાત્કાલિક તેના કોરોના ટેસ્ટ કરાવવા જોઈએ અને સંક્રમિત હોય તો વિના વિલંબે સારવાર શરૂ કરવી જોઈએ તે હિતાવહ છે. અન્ય લોકો કરતાં સંક્રમિત થયેલા બાળકોને સારવાર મળે તો ઝડપથી સાજા થઈ જાય છે. જે એક સારી બાબત છે. સંક્રમિત બાળકોને ઓછામાં ઓછા દોઢ સપ્તાહ સુધીનો આરામ કરાવવો જોઈએ.

કોરોના બેકાબુ : ભિલોડામાં આવતી કાલથી બજારો સજ્જડ બંધ

બીજી મે સુધી બજારો બંધ રહેશે, આવશ્યક સેવાઓ કાર્યરત રાખવાનો નિર્ણય

ભિલોડા તાલુકામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે ત્યારે ભિલોડા ગ્રામ પંચાયત અને વેપારી એસોસીએશન દ્વારા કોરોના સંક્રમણમાં લોકોના જીવ બચાવવા માટે આવતી કાલ તા.૨૭ એપ્રિલ, મંગળવારથી તા.૨ મે. રવિવાર સુધીનું સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરાતાં બજારો સજ્જડ બંધ રહેશે. જ્યારે મેડીકલ તેમજ દૂધ સહિતની આવશ્યક સેવાઓ કાર્યરત રાખવાનો નિર્ણય લેવાયો છે.

અરવલ્લી જિલ્લાને કોરોનાએ હચમચાવ્યો છે. ભિલોડા તેમજ તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ થયા પછી ભિલોડા કોટેજ હોસ્પિટલના કોવિડ કેર સેન્ટરમાં બેડ ખૂટી પડ્યા હતા. કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર ન મળતાં હોબાળા મચ્યાના પણ કિસ્સા સામે આવ્યા હતા. ભિલોડા વેપારી મથક હોવાથી આસપાસના ગામડાઓમાંથી ખરીદી માટે મોટા પ્રમાણમાં લોકો આવતા હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના બેકાબુ બન્યા પછી મૃત્યુ દર ઉંચકાયો છે. કોરોનાથી બચવા માટે સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક ફરજીયાત પહેરવો અને જરૂર વગર બહાર ન નિકળવાનો પ્રજાએ અમલ કરવો પડશે. ત્યારે આર્થિક મંદીમાં જજૂમતા ભિલોડાના વેપારી એસોસીએશને પણ પ્રજાનું આરોગ્ય જોખમાય નહીં અને કોરોનાને હરાવવા માટે તા.૨૭ એપ્રિલ થી ૨ મે. સુધીનું સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કરી ધંધા-રોજગાર બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. સ્વૈચ્છીક લૉકડાઉનના આદેશનું ઉલ્લંઘન કરનાર સામે પગલાં ભરાઈ શકે છે.

ઉત્તર ગુજરાતની કચેરીઓમાં દિવ્યાંગ અને સગર્ભા મહિલાઓને ૩૦ એપ્રિલ સુધી ફરજ પર આવવામાં મુક્તિ

કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

તાજેતરમાં ગાંધીનગર સચિવાલયમાં ફરજ બજાવતા સગર્ભા મહિલા અધિકારીનું કોરોનાની સારવાર દરમ્યાન મોત નિપજ્યા પછી તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે સરકાર સમક્ષ આ મુદ્દે ગંભીર રજૂઆત પછી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સરકારી કચેરીઓમાં દિવ્યાંગ અને સગર્ભા મહિલાઓને આગામી તા.૩૦ એપ્રિલ સુધી ફરજ પર આવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આવા કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કામ કરવાનું રહેશે. રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલે પણ આ અંગે શિક્ષણ વિભાગ સમક્ષ દિવ્યાંગ અને સગર્ભા પ્રા.શિક્ષકોને કોરોનાના કારણે ફરજ પર આવવામાં મુક્તિની રજૂઆત કરી હતી. જેથી પ્રા.શિક્ષકોને પણ તેમાં રાહત આપવામાં આવી છે. દિવ્યાંગ અને સગર્ભા પ્રા.શિક્ષકોએ વર્ક ળોમ હોમ કામ કરવાનું રહેશે.

કોરોનાએ પ્રજાને પાયમાલ કરવાની સાથે અનેકનો સંસાર પણ ઉજાડી નાખ્યો છે. કોરોનાના કપરા કાળમાં પરિવાર અને જીવની પરવા કર્યા વગર અનેક કર્મચારીઓએ કચેરીમાં આવી કામગીરી બજાવી છે જેમાંથી સંક્રમિત થયા પછી અનેક કર્મચારીઓએ જીવ ગુમાવ્યા છે. કોરોનાની બીજી લહેરમાં મોતનું પ્રમાણ વધ્યું છે ત્યારે કોરોનાનું સંક્રમણ અટકાવવા સરકાર દ્વારા તા.૧૫ થી ૩૦ એપ્રિલ સુધી ૫૦ ટકા સ્ટાફ સાથે સરકારી કચેરીઓમાં કામકાજનો આદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ દિવ્યાંગ તથા સગર્ભા મહિલા કર્મચારીઓને કચેરીમાં ઉપસ્થિત રહેવામાંથી બાકાત રાખવામાં આવે તેવી રજૂઆત સરકાર સમક્ષ થયા પછી સામાન્ય વહીવટી વિભાગ દ્વારા આ માંગણી પણ સ્વીકારવામાં આવી છે. જેથી આવશ્યક વિભાગોના કર્મચારીઓ સિવાયના કર્મચારીઓ ઘરેથી કામ કરી શકે તે માટે છૂટ આપવામાં આવી છે.

તલોદમાં કોરોનાનું સંક્રમણ વધતાં એક સપ્તાહનું લૉકડાઉન જાહેર

તલોદ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લાને કોરોના ઘમરોળી રહ્યો છે. તલોદ તાલુકામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. વેપારી મથક તલોદમાં ખરીદી માટે આવતી પ્રજાના કારણે કોરોના વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તેવી દહેશત પછી તલોદમાં તા.૩ મે. સુધીનું લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓના વેપાર સિવાય તમામ ધંધા-રોજગાર સજ્જડ બંધ રાખવાનો સ્વૈચ્છીક નિર્ણય લેવાયો છે. તાલુકાના દેવિયા ગામમાં કોરોનાથી સંક્રમિત જનેતા અને પુત્રનું મોત નિપજતાં સમગ્ર ગામમાં હાહાકાર મચ્યો છે.

વધતા કોરોનાના સંક્રમણને નાથવા માટે લોકજાગૃતિ સિવાય કોઈ યોગ્ય વિકલ્પ નથી. વેપારીઓએ પણ આર્થિક મંદીના માહોલમાં પ્રજાના જીવ બચાવવા માટે પોતાના ધમધમતા ધંધા-રોજગારનું બલિદાન આપીને પણ રાષ્ટ્રની મોટી સેવા કરી રહ્યા છે તેવું કહી શકાય. તલોદ તાલુકામાં કોરોના એક પખવાડીયામાં ૧૬ થી વધુ લોકોને ભરખી ગયો છે અને હજુ પણ મૃત્યુ આંક ઉંચકાઈ રહ્યો છે. તલોદમાં ખરીદી માટે દરરોજ ભીડ એકત્ર થયા પછી આંશિક લૉકડાઉનના બદલે હવે સજ્જડ સ્વયંભૂ બંધનો વેપારીઓએ નિર્ણય કરી તંત્રને જાણકારી આપી છે જે મુજબ ૨૭ એપ્રિલથી ૩ મે સુધી ધંધા-રોજગાર સ્વયંભૂ સજ્જડ બંધ રહેશે. જ્યારે આવશ્યક સેવાઓમાં આવતી ચીજવસ્તુઓ માત્ર સવારે અને સાંજે ૨-૨ કલાક માટે જ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. વેપારીઓના નિર્ણયને નગરપાલિકાના પદાધિકારી અને ચીફ ઓફીસરે આવકાર્યો છે.